અપીલ અરજી નં.૧૩૯ તા.૧૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિજય એમ. શેણમારે
સામાવાળાઃ–(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
(ર) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષયઃ–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિજય એમ. શેણમારે આઈ ડી. નં.૩૭પ તા.૯–૭–૦૯ ની અરજીથી મ્યુ. કમિશનરશ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૮૮૭ તા.૧–૭–૦૯ મુજબ વીબીડીસી–૩૧ સેનીટેશન–૭૬ અને ઈજનેરી–૬૭ કુલ મળીને ૧૭૪ રોજીંદા બેલદારો તા.ર–૭–૦૯ થી ફરજ બજાવે છે તેમના નામો, વોર્ડના નામ, ફાળવેલ રોજીંદા બેલદારોની સંખ્યા, કેટલા વર્ષથી ફરજ બજાવે છે અને વર્ષ પ્રમાણે હાજરીની માહિતી તથા રોજીંદા બેલદારોને હાજરી કાર્ડ, માસિક પગારની સ્લીપ કેમ આપવામાં આવતી નથી તેનું કારણ સહિતની માહિતી આપવા બાબત.
સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૧–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૩૯/૦૯–૧૦

શ્રી વિજય એમ. શેણમારે આઈ ડી. નં.૩૭પ તા.૯–૭–૦૯ ની અરજીથી મ્યુ. કમિશનરશ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૮૮૭ તા.૧–૭–૦૯ મુજબ વીબીડીસી–૩૧ સેનીટેશન–૭૬ અને ઈજનેરી–૬૭ કુલ મળીને ૧૭૪ રોજીંદા બેલદારો તા.ર–૭–૦૯ થી ફરજ બજાવે છે તેમના નામો, વોર્ડના નામ, ફાળવેલ રોજીંદા બેલદારોની સંખ્યા, કેટલા વર્ષથી ફરજ બજાવે છે અને વર્ષ પ્રમાણે હાજરીની માહિતી તથા રોજીંદા બેલદારોને હાજરી કાર્ડ, માસિક પગારની સ્લીપ કેમ આપવામાં આવતી નથી તેનું કારણ સહિતની માહિતી આપવા બાબતે માહિતી સાઉથઝોન મહેકમ પાસે માંગી છે તેની જગ્યાએ ડે.કમિશ્નર(પઅનેઈ) ને ઉડાઉ જવાબ આપેલ છે તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા નં. આર.ટી.આઈ.સેલ પર૭ તા.ર૦–૮–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) અને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર કક્ષાએથી સા.ઝોન/મહેકમ/આ.નં. ૧ ૦૬૩, તા.ર૯–૮–૦૯થી અત્રેના વિભાગને પુરક માહિતી મળેલ છે. જે અંગે સાઉથ ઝોન (ઉધના)/આ.નં.૭૦૬,તા.ર૪–૪–૦૭ ના પત્રની નકલ નોંધ વિભાગ અત્રેના વિભાગને મળેલ છે. ડે.કમિશ્નર (પઅનેઈ)(મધ્યસ્થ મહેકમ) કક્ષાએથી જાવક નં. જીએડીઈએસટી/૧૭૦૯, તા.ર–૯–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, સા.ઝોન (ઉધના)નો આ.નં. ૭૦૬, તા.ર૪–૪–૦૭ ના પત્રની નકલ તથા અરજદારને આપેલ માહિતીના પત્ર નં. જીએડી/ઈએસટી/૧૩૩૮, તા.૪–૮–૦૯ ના પત્રની નકલ અત્રના વિભાગને મળેલ છે.

અરજદારની આઈ ડી. નં.૩૭પ તા.૯–૭–૦૯ ની અરજીથી મ્યુ. કમિશનરશ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૮૮૭ તા.૧–૭–૦૯ મુજબ વીબીડીસી–૩૧ સેનીટેશન–૭૬ અને ઈજનેરી–૬૭ કુલ મળીને ૧૭૪ રોજીંદા બેલદારો તા.ર–૭–૦૯ થી ફરજ બજાવે છે તેમના નામો, વોર્ડના નામ, ફાળવેલ રોજીંદા બેલદારોની સંખ્યા, કેટલા વર્ષથી ફરજ બજાવે છે અને વર્ષ પ્રમાણે હાજરીની માહિતી તથા રોજીંદા બેલદારોને હાજરી કાર્ડ, માસિક પગારની સ્લીપ કેમ આપવામાં આવતી નથી. તેની માહિતી બાબતે કરેલ અરજી સેન્ટ્રલ ઝોન તરફથી સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૪પ૭, તા.૧૬–૭–૦૯ થી કાર્યપાલક ઈજનેર ઉધના ઝોનને તબદીલ કરેલ છે. તેઓ તરફથી સા. ઝોન મહેકમ/આ.નં./૭૬૮, તા.રર–૭–૦૯ થી મુદ્દા નં. ૩ અંગે ડે.કમિશ્નર (પ અને ઈ) તબદીલ કરેલ છે. ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને " મુદ્દાનં. ૩ ના અનુસંધાને જણાવવાનું કે રોજીંદા બેલદારોને હાજરી કાર્ડ, માસિક પગાર સ્લીપ ડેટા આપવાના કારણ સંબંધે મધ્યસ્થ મહેકમ વિભાગનો કોઈ રેકોર્ડ ઉપલબ્ધ નથી જેથી માહિતી આપી શકાય તેમ નથીતેવી માહિતી તા.૪–૮–૦૯ ના પત્રથી પૂરી પાડયાનું જણાય છે. " જે અંગે અરજદારે સાઉથ ઝોન મહેકમ વિભાગ પાસે ઉધના ઝોનના રોજીંદા બેલદારોને હાજરી કાર્ડ માસિક પગાર સ્લીપ કેમ આપવામાં આવતી નથી. તેના કારણ સહિતની માહિતીના ડે.કમિશ્નર (પ અને ઈ) પત્ર નં. જીએડી/ઈએસટી/૧૩૩૮, તા.૪–૮–૦૯ થી મળેલ જવાબથી નારાજ થઈ તા.૧૧–૮–૦૯ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા અત્રે પૂરક વિગતોમાં પૂરી પાડેલ વિગતોમાં સાઉથઝોન ઉધનાના પત્ર નં.૭૦૬ તા.ર૪–૪–૦૭ ની નકલમાં જણાવેલ વિષયમાં મ્યુ. કમિશનરની તા.૮–૩–૦૪ તથા તા.૩–૩–૦૭ ના નોંધના આદેશ તથા હિસાબનીશના પત્ર ક્રમાંક નં.૭૪૭૮ તા.ર–૩–૦૭ તથા પત્ર ક્રમાંક ૭૬૭૧ તા.૯–૪–૦૭ વિગેરે પગાર સ્લીપ અંગે થયેલ કાર્યવાહીની વિગતોનો ઉલ્લેખ તેમના તા.ર૪–૪–૦૭ ના પત્રમાં કરેલ જણાય છે. જે મહેકમ અને હિસાબનીશ શાખાને મોકલ્યાનું પત્ર પરથી જણાય છે. અરજદારે માત્ર મુદ્દા નં.૩ પૂરતી અપીલ કરેલ જણાતી હોય બાકીના મુદ્દા અંગે તકરારને કોઈ સ્થાન નથી. અરજદારનો તકરારી મુદ્દો " રોજીંદા કામદારોને પગાર સ્લીપ કેમ આપવામાં આવતી નથી" ની માહિતીને સબંધ છે ત્યાં સુધી વૈદ્યાનિક જોગવાઈ ધરાવતી બાબતો સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી હેઠળ પ્રસિધ્ધ કરવાની રહે છે તેની સાથે કલમ–૪(૧)(ડી) અન્વયે અસરકર્તા વ્યકિતઓને વહીવટી અને અર્ધ ન્યાયિક નિર્ણયોના કારણો આપવાના રહે છે તેવી જોગવાઈ ધ્યાને લેતાં આ મુદ્દા અંગેની માહિતી અરજદારને આપવા પાત્ર થાય. સાઉથઝોનના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રજૂ થયેલ પત્ર ધ્યાને લેતાં આ સબંધી આંતર ખાતાકીય પત્ર વ્યવહાર થયાનું સુચવી જાય છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૩ ની દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તેમજ ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ –૦૯

ડાયરેકટર ઓફ પ્લાનીંગ
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ,)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન).... જાણ તથા અમલ માટે
(ર) શ્રી વિજય એમ. શેણમારે (એડવોકેટ)